**REGISTER OF CASES TRIED BY MR.K.J.DARJI – ADDL. CHIEF METROPOLITAN MAGISTRATE, AHMEDABAD**

IN A SUMMARY WAY UNDER CHAPTER XXII OF THE CODE OF CRIMINAL PROCEDURE (ACT X OF 1882)

---

CRIMINAL CASE NO.85937/2018.

---

આંક–

| | | |
|---|---|---|
| ક. | કેસનો અનુક્રમ નંબર: | ૮૫૯૩૭/૧૮ |
| ખ. | ગુન્હો બન્યાની તારીખ: | ૦૯/૦૭/૨૦૧૮ |
| ગ. | ફરિયાદની તારીખ: | ૦૯/૦૭/૨૦૧૮ |
| ઘ. | ફરિયાદીનું: | શ્રી સરકાર |
| ચ. | આરોપીના નામ, ઉંમર અને રહેઠાણ : | બાબુલાલ ભુલુપ્રસાદ યાદવ,<br>રહે. ગોવિંદભાઈ ભરવાડના મકાનમાં, ભરવાડ વાસ, ગુપ્તા નગર, અમદાવાદ. મુળ વતન– ગામ–લાલા કા પુરવા તા.ધમૈર, જી. સુલ્તાનપુર, ઉત્તરપ્રદેશ. |
| છ. | ફરીયાદમાંનો આરોપ અથવા સાબિત થયેલો આરોપ : | ઈ.પી.કો.કલમ:૧૮૮ તથા જી.પી.એકટની કલમ–૧૩૧ મુજબ |
| જ. | આરોપીઓનો જવાબ અને તપાસણી.<br>**સવાલ :** તમોને પોલીસ પેપર્સની નકલ મળેલી છે?<br>**જવાબ :** હા જી<br>**સવાલ :** તા.૦૯/૦૭/૨૦૧૮ નારોજ કલાક ૧૩–૦૦ વાગે તમો આરોપીએ ફરીયાદમાં જણાવેલ સ્થળ અને સમયે તમારા કબ્જામાં અથવા હવાલાની કોઈ મિલ્કતની કોઈ વ્યવસ્થા નહિં કરી, જાહેરમાર્ગમાં કોઈ વ્યક્તિ માટે ભય ઉભો કરી અને અડચણ કરી તેમજ પોલીસ કમિશ્નરશ્રીના જાહેરનામાનો ભંગ કરી IPC કલમઃ ૧૮૮ તથા જી.પી.એકટની કલમ–૧૩૧ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે, જે ગુન્હો તમોને કબુલ છે?<br>**જવાબ :** હા, મને સ્વેચ્છાએ ગુન્હો કબુલ છે. | | |

---

મારી રૂબરૂ

તા.૧૯/૦૯/૨૦૧૮

અમદાવાદ.

**એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,**
**અમદાવાદ**

**ઝ. નિર્ણય:**

આ કામમાં વાસણા પો.સ્ટે. ધ્વારા આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ:૧૮૮ મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો.કો.કલમ: ર૦૭, અન્વયે વિના મૂલ્યે આપવામાં આવેલ છે. આરોપી સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરવા માંગતા હોઈ તેઓ ધ્વારા ગુના કબુલાત પુરસીસ આંક–ર, થી રજૂ કરેલ છે અને ત્યારબાદ આરોપીની તેમની વિરૂધ્ધના ગુના સબબ આંક–૩, થી પ્લી લેવામાં આવેલ, જેમાં તેઓએ ગુનો કબુલ છે તેવું જણાવેલ છે.

સજા બાબતે આરોપીને સાંભળતાં આરોપી આ તેમનો પ્રથમ ગુનો છે તેમ જણાવે છે અને ગુના બદલ પસ્તાવો થાય છે અને ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો ફરીથી નહીં કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવે છે. એ.પી.પી.શ્રીએ આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરૂધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરું છું.

**ટ.સજા કે આખરી હુકમ.**

આરોપીને ક્રિ.પ્રો.કો. કલમ: ર૫ર હેઠળ ઈ.પી.કો.કલમ:૧૮૮ તથા જી.પી.એકટની કલમ–૧૩૧ ના ગુના માટે તકસીરવાન ઠરાવી રૂ.૧૦૦/– ( અંકે રૂપિયા એકસો ) પૂરા દંડ કરવામા આવે છે. જો દંડ ના ભરે તો આરોપીને ૧(એક) દિવસની સાદી કેદની સજા કરવામા આવે છે.

સદર કામે અગાઉ કરેલ વચગાળાનો મુદ્દામાલ હુકમ આથી કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, સહી કરી, જાહેર કર્યો.

( કિર્તી જયંતિલાલ દરજી)
એડી. ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.
જીજે–૦૦૪૬૧

અમદાવાદ.
તા. ૧૯ /૦૯/ર૦૧૮.